આજનું પંચાંગ

ઉદિત તિથિ	શુક્લ પક્ષ ષષ્ઠી સવારે ૭:૩૯ સુધી, ત્યાર બાદ સપ્તમી
વાર	ગુરુ
નક્ષત્ર	પૂર્વાષાઢા તારીખ ૨૩ ઓક્ટોબર ૦૦:૫૯ મિનીટ સુધી, ત્યારબાદ ઉત્તરાષાઢા
કરણ	તૈતિલ સવરે ૭:૩૯ સુધી, ત્યાર બાદ ગજ સાંજે ૭:૧૨ સુધી, ત્યાર પછી વણિજ
યોગ	સુકર્મણ તારીખ ૨૩ ઓક્ટોબર ૨:૩૭ સુધી, ત્યાર પછી ધૃતિ
જન્મેલા બાળકોની રાશિ	ધન
રાશિના અક્ષરો	ભ. ફ. ધ. ઢ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજે વૈચારિક જગત વધુ સક્રિય હોવાથી નવા નવા પ્લાનિંગ કરી શકશો. આપને એમ લાગશે કે બીજા લોકો આપની વાત નથી સમજી શકતાં. અન્ય વ્યક્તિઓના અભિગમ કે મંતવ્યો પર આધારિત રહ્યાં વિના, આપને જે ઠીક લાગે છે તે કરો. આજનો દિવસ લાભદાયી સાબિત થાય, વાણિજ્ય અને વેપાર માટે સારો દિવસ છે પણ જો ધીરજ ન ગુમાવો તો જ. આજે પરિણામો માટે ઉતાવળા ન થશો.

વૃષભ : સાસરા પક્ષથી કોઈ કામ સોંપેલું હોય કે કોઈએ કોઈ વિનંતી કરી હોય, તો આજે આપ તે બાબતે મદદરૂપ થશો. બીજા લોકો આપની પાસેથી વધુ અપેક્ષા રાખે અને તે પૂરી કરવાના પ્રયાસમાં આપના પોતાના કામો અધૂરાં ન રહી જાય તે ખાસ જોજો. આજે ગુસ્સો નથી જ કરવો – એવો નિર્ધાર કરશો તો દિવસ સારી રીતે પસાર થશે બાકી, મગજ અને સમય બંને ખરાબ થશે.

મિથુન : આજે તબિયત સાચવવાની છે. ધ્યાન રાખવાનું છે કે રૂટિનમાં એવી કોઈ બાબત ન આવી જાય કે જે બાબત માટે સમયનો બગાડ થાય. આજે 'રાત થોડી, ને વેશ ઝાઝાંલ્ર એવી સ્થિતિ હશે. જેથી, સમયનો યોગ્ય ઉપયોગ થાય તે જોજો. બોલવા કરતાં લખવાથી કોઈ પણ વાત વધુ સારી રીતે વ્યક્ત કરી શકશો. કોઈ પણ વાત થાય, તેની નોંધ રાખો, કેમ કે યાદશક્તિ થોડી નબળી હશે આજે.

કર્ક : જો આપ ધ્યાનપૂર્વક વિચારશો તો આપને ખ્યાલ આવશે કે મોટા ભાગનો સમય એવી બાબતો અંગે વિચારવામાં જાય છે જે આપને પોતાને સીધી રીતે લાગુ નથી પડતી. અન્ય લોકો પોતાની સમસ્યાઓનું સમાધાન કાઢતાં શીખી જશે. આપ એ અંગે ચિંતા કરશો નહીં. ખાન-પાનમાં ધ્યાન રાખજો અને સ્ટ્રેસ ઓછો લેજો, એની સીધી અસર તબિયત પર પડવાની પૂરી સંભાવના છે.

સિંહ : આજે મોટા ભાગના કામો સારી રીતે પૂરાં થશે. જો થોડો સ્ટ્રેસ વધે તો એમ ન સમજતાં કે દિવસ ખરાબ છે. સ્ટ્રેસ એ તો નિશાની છે કે આપ કામ કરી રહ્યાં છો. યુવાનો – કોઈને પ્રપોઝ કરવા માટે સારો દિવસ છે. પ્રેમ સંબધો વધુ મજબૂત બનશે. વિધાર્થીઓ માટે એવો દિવસ કે જેમાં વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકે. દિવસના અંતે સંતોષની લાગણી અનુભવશો.

કન્યા : આજે વિષયવસ્તુઓ બદલાશે પણ આપ બિલકુલ વિચલિત થયાં વિના કામ કરી શકશો. આપની વિશેષતા એ છે કે આપ આયોજનપૂર્વક કામ કરી શકો છો. આપની આ 'એબિલીટી ટુ પ્લાનલ્ર આજે પોતાને અને અન્યોને ઉપયોગી થઇ – તે જોઈ આપ આનંદિત થશો. ડાયેટ કંટ્રોલ માટે આપ કોશિશ કરશો અને આ સભાનતા આપને લાંબા ગાળે સારો લાભ આપશે. ધ્યાન રહે – હેલ્થ ઈઝ વેલ્થ. વડિલોની તબિયત અંગે ચિંતા રહેશે.

તુલા : આજે ટૂંકા અંતરની મુસાફરીનું આયોજન કરો અથવા મુસાફરી શરુ કરો, તેવા યોગ છે. જો મુસાફરી નથી કરતાં તો શહેરમાં ને શહેરમાં ક્યાંક જવાનું થાય. ટૂંકમાં, આઉટીંગના યોગ તો બને જ છે. આજે આપ નિર્ધારિત કાર્યો પૂર્ણ કરી અને પોતાના ટાર્ગેટ અચિવ કરશો. ધીમે ધીમે એ સમજાશે કે એકાગ્રતા – એકચિત્ત થઈને કોઈ પણ કામ ને આપેલો સમય – આ બધું કેટલું મહત્વનું હોય છે. દિવસ પૂરો થતાં થાક અનુભવશો પણ સંતોષ પણ હશે.

વૃશ્ચિક : આજે આપનો દૃષ્ટિકોણ સંકુચિત રહેશે. આપ કોઈ પણ બાબતે સમાધાન કે બાંધછોડ કરવાના મૂડમાં નહીં હોવ. એ બાબત જુદી છે કે આજે તે છતાં પણ અમુક કામો સારી રીતે જે પૂર્ણ થશે પણ, કોઈકને કોઈક રીતે સંઘર્ષ ઉભો થશે. આજે જે કામ સીધી રીતે પૂરું થતું હોય તે માટે કોઈ ટેક્નિક અજમાવવા કોશિશ ન કરશો. જો કામ અઘરું થતું જાય છે, તો જ કોઈ યુક્તિ પ્રયોજો. સાંજનો સમય પરિવાર માટે ફાળવશો, એવો ગ્રહોનો સંકેત છે.

ધન : આજના દિવસ દરમ્યાન સારાં કામો કરી શકશો. અન્ય લોકોને મદદરૂપ થશો. નવાં કપડાં ખરીદવા માટે અથવા ગમતી વસ્તુઓ ખરીદવા માટેનો દિવસ છે આજે. આપના જ્ઞાનથી બીજાં લોકો પ્રભાવિત થશે. એવું બને કે આપ જે કામ કરતાં હોવ તેમાં વિસ્તાર થાય પણ આપની પાસે અવકાશ ન હોય તો પ્રેમથી એ કામ બીજા દિવસ પર ટાળજો. બધે આપ પોતે પહોંચી નહિ વળો. ગ્રહો સૂચવે છે કે આજે આપને કોઈ નવા કામની ઓફર આવશે. નેગોશીએટ કરવા માટે આજનો દિવસ સારો નથી.

મકર : આજે આપ મહત્વાકાંક્ષી બનશો પણ આપને લાગશે કે, આપ જેટલી મહેનત કરો છો, તેટલી મહેનત આપના સહકર્મીઓ નથી કરી રહ્યાં. એક વાત સ્પષ્ટ સમજી લેવાની જરુર છે. બીજાં શું કરે છે., તેના ઉપર આપનો કંટ્રોલ નથી અને આપને એ વિષે મંતવ્ય પણ ન હોવું જોઈએ. 'ડુ યોર બીટલ્ર પોતાનું કામ સારી રીતે સંભાળો અને પોતાની ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો. આજે ગુસ્સો કરવાથી બાજી બગડી શકે, તેથી ઠંડક રાખવી.

કુંભ : આજે લાભ થવાની પૂરી શક્યતા પણ લાભ લેતાં આવડવો જોઈએ. જે લોકો આપના માટે લાભદાયી છે, તેમની સાથે સંપર્ક રાખશો તો સારું રહેશે. આજે મિત્રો મદદ કરવા તૈયાર હશે પણ આપને મદદ લેતાં આવડવું જોઈએ. જે લોકો લાભની ઉચ્ચ અપેક્ષાઓ ધરાવે છે, તેમને પોતાની મહેનતનું ફળ મળશે પણ નાણાકીય બાબતોનું નેગોશીએશન સરસ રીતે કરજો. ખોટો સ્ટ્રેસ રાકશો નહીં, એનાથી દિવસનો માહોલ બગડશે.

મીન : નવી ઊંચાઈઓ સર કરવા માટે સર્વોત્તમ દિવસ. જો આપ સફળ થવા ઈચ્છો છો – તો ત્રણ વસ્તુઓની જરૂર છે આજે – ૧. એકાગ્રતા. ૨. રચનાત્મકતા અને ૩. કૃતજ્ઞતા. એકાગ્રચિત્તે ક્રિએટીવ થિંકિંગની મદદ દ્વારા, અન્યોની મદદ લઈ, તેમના પ્રત્યે થેંક્ફુલ થઈ અને કામો કરશો – તો આપ ઈચ્છિત પરિણામ મેળવી શકશો. વખાણથી દોરવાશો નહીં અને આલોચનાથી વ્યથિત થશો નહીં.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

પૂછપરછ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરમાં જ જમ્મુ કાશ્મીરના જૂના રાજકીય પક્ષો નેશનલ કોન્ફરન્સ તેમજ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ અબ્દુલ્લાના નિવાસ સ્થાને બેઠક યોજીને ક્ષેત્રમાં ગઠબંધન માટે ચર્ચા કરી હતી. ત્યારબાદ ફારૂક અબ્દુલ્લાને ઈડીએ પૂછપરછ માટે બોલાવ્યા હતા. ઈડી દ્વારા જમ્મુ કાશ્મીર ક્રિકેટ એસોસિએશનમાં કથિત ફ્રોડ થયું તેમાં અબ્દુલ્લાની ભૂમિકા અને તેમણે લીધેલા નિર્ણયો અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. સીબીઆઈએ ફાઈલ કરેલી એફઆઈઆરના આધારે ઈડી તપાસ કરી રહ્યું છે. સીબીઆઈએ એસોસિએશનના જનરલ સેક્રેટરી મોહમ્મદ સલીમ ખાન તેમજ પૂર્વ ખજાનચી અહેસાન અહેમદ મિર્ઝા સહિતના સત્તાધીશો સામે કેસ કર્યો હતો.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૩૭ કેસ

૨૪ કલાકમાં ૧૧૮૦ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૫૩૨૫૨૨ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૫૧૦૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં ૧૧૩૭ નવા કોરોનાનાં દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૧૮૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૫,૧૦૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૮૯.૦૩ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યા છેલ્લા કેટલાક દિવસોમાં ૫૧હજારથી ૫૫ હજાર સુધીની વચ્ચે રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૯૮૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૫.૧૭ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૫,૩૨,૫૨૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૩૮,૮૦૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૩૮,૫૫૩ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૫૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૯.૦૩ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪,૨૧૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૫ લોકો છે. જ્યારે ૧૪,૧૪૦ લોકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૬૩ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૨, સુરત કોર્પોરેશનમાં ૨, બનાસકાંઠા ૧, ભરુચમાં ૧, ગીર સોમનાથમાં ૧,સુરતમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૧ લોકોના કોરોનાનાં કારણે મૃત્યુ થયાં છે. આ રીતે ગુજરાતમાં કાલે કોરોનાનાં કારણે ૯ લોકોનાં મોત નિપજ્યાં છે.

પ્રાંતિજના જેસંગપુરા પાસે સવારે લકઝરી બસ પલ્ટી, મુસાફરોનો આબાદ બચાવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના જેસંગપુરા પાટીયા પાસે આજરોજ વહેલી સવારે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી લકઝરી બસ રોડની સાઈડમાં ઉતરી જતાં પલ્ટી મારી ગઈ હતી. લકઝરી બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. પ્રાંતિજના જેસંગપુરા પાટીયા પાસે આજરોજ વહેલી સવારે રાજસ્થાનથી અમદાવાદ તરફ ફુલફાસ્ટ જતી લકઝરી બસ પલ્ટી રોડની સાઈડમાં ઉતરી જતાં પલ્ટી મારી ગઈ હતી. લકઝરી બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો તો બસ બાજુમાં આવેલ સર્વિસ રોડ ઉપર પલ્ટી ખાઇ ગઈ હતી. બસમા ઉપરના ભાગે ભરેલ માલસામાન સર્વિસ રોડ ઉપર સહિત બાજુમાં આવેલ ખેતરોમાં વેર વિખરાઈ થઈ ગયો હતો. પલ્ટી ખાધેલ લકઝરી બસને ક્રેનની મદદથી સીધી કરવામાં આવી હતી.

એક કિલો ડુંગળીનો ભાવ ૬૦ રૂપિયાએ પહોંચ્યો

અમદાવાદ,તા.૨૧

એક તરફ મહામારી અને બીજી તરફ મોંઘવારી એમ બેવડા માર વચ્ચે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો પીસાઈ રહ્યા છે. એક સમયે ડુંગળી ગરીબોની કસ્તૂરી ગણાતી હતી, પરંતુ હવે તે માત્ર અમીરો જ ખરીદી શકે તેવી સ્થિતિ થઈ ગઈ છે. આ સિવાય બટાકાના ભાવ પણ દિવસેને દિવસે વધી રહ્યા છે. સામાન્ય રીતે શિયાળો જેમ નજીક આવે તેમ શાકભાજીના ભાવ ઘટી જાય છે પરંતુ આ વખતે એકદમ ઊંધી સ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લા એક મહિનાની જ વાત કરીએ તો, ડુંગળી અને બટાકાના ભાવમાં ૧૦૦ સુધીનો વધારો થયો છે. ૩૦ રૂપિયાના ભાવે મળતી એક કિલો ડુંગળી હાલ ૬૦થી ૭૦ રૂપિયાના ભાવે પહોંચી ગઈ છે. જ્યારે ૨૦ રૂપિયા કિલોના બટાકા હાલ છૂટક બજારમાં ૪૦થી ૪૫ રૂપિયાના ભાવે મળી રહ્યા છે. દિવાળીનો તહેવાર નજીકમાં જ છે, ત્યાં મોંઘવારીએ માઝા મૂકી છે. સિંગતેલના ભાવ પણ વધ્યા છે. શાકભાજી અને દાળ બાદ હવે ડુંગળી-બટાકાના રોકેટ ગતિએ વધેલા ભાવથી ગૃહિણીઓનું બજેટ તો ખોરવાયું જ છે, સાથે વેપારીઓને પણ ચિંતા સતાવી રહી છે. વેપારીઓનું કહેવું છે કે, કમોસમી વરસાદના કારણે ડુંગળીને નુકસાન થયું છે. ડુંગળીમાં થયેલા ભાવ વધારા માટે વરસાદને જવાબદાર ગણવામાં આવી રહ્યો છે. ડુંગળી માટેના એશિયાના સૌથી મોટા બજાર લાસલગાંવની મંડીમાં પણ ડુંગળીની અછત સર્જાઈ જાય છે. ડુંગળીના હોલસેલના વેપારીઓનું કહેવું છે કે, હાલ અમદાવાદ સહિત તમામ સ્થળોએ ડુંગળીની તંગી વર્તાઈ રહી છે.

વધુ ૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૧માંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માંથી જુના સચિવાલયમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૪ માં રહેતા અને છાલા પ્રા.આ. કેન્દ્રમાં એકાઉન્ટન્ટ કમ ડેટા આસિટન્ટ તરીકે ફરજો બજાવતા ૪૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧ માંથી ૯૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ડીએચએસ હોસ્પિટલ સરખેજ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. સે. ૭ માંથી આજે પાંચ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. સે. ૭ માં છેલ્લા કેટલાક દિવસથી કેસોની સંખ્યામાં સતત વૃદ્ધિ થઈ રહી છે. આજે સે. ૭ માંથી ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી જ ૮૫ વર્ષીય વૃધ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં વૃદ્ધાને સારવાર માટે સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૭ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કડક રીતે થાય તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોનું પાલન પણ કડક રીતે થાય તે જોવા માટેની કડક સૂચનાઓ જારી કરી છે. સે. ૮ માંથી ૭૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૭ માં રહેતા અને સે. ૨૮ માં દુકાન સંભાળતા ૩૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માં રહેતા અને શિહોલી મોટી ખાતે ખાનગી ક્લીનીક સંભાળતા ૩૯ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૨ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૫૪ વર્ષીય ગૃહીણી અને ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૨૨ માં ૭૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨૨ એ કોરોના માટે અતિ સંવેદનશીલ બની જવા પામ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ અહિ પણ સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતની સૂચનાઓના કડક અમલીકરણ માટે સંબંધિત કર્મચારીઓને તાકીદ કરી છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

પરત સોંપ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝાંગ શુઈલીએ દાવો કર્યો કે ચીની સૈનિક ૧૮ ઓક્ટોબરની સાંજે ચીન-ભારત સરહદ પર તે સમયે ગુમ થઈ ગયો હતો જ્યારે તે સ્થાનિક લોકોના અનુરોધ પર તેમના યાકના શોધવામાં મદદ કરી રહ્યો હતો. આ ઘટનાના તરત બાદ પીએલએ સરહદ પર તૈનાત સૈનિકોએ તેની જાણકારી ભારતીય સેનાને આપી અને આશા વ્યક્ત કરી હતી કે ભારતીય પક્ષ તેની તપાસ અને બચાવમાં મદદ કરશે. ભારતીય પક્ષે ગુમ સૈનિકોને શોધીને તેની મદદ કરવા અને પરત કરવાનો વાયદો કર્યો હતો. કર્નલ ઝાંગે કહ્યું કે, ભારતીય પક્ષથી મળેલી તાજેતરની જાણકારી મુજબ ગુમ ચીની સૈનિકને શોધી લીધો છે અને મેડિકલ તપાસ દબાદ તેને ચીનના હવાલે કરી દેવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે, સોમવારે ભારતીય સેના તરફથી કહેવામાં આવ્યું હતું કે પીએલએ સૈનિકની ઓળખ તરીકે થઈ છે જેને ડેમચોક સેક્ટરમાંથી ઝડપવામાં આવ્યો છે. ખૂબ જ ઠંડીને ધ્યાને લઈ તેને મેડિકલ સુવિધા, ભોજન અને ગરમ કપડા પૂરા પાડવામાં આવ્યા છે. ભારતીય સેનાએ વધુમાં જણાવ્યું હતું કે, પીએલએ તરફથી ગુમ થયેલા સૈનિક વિશે માહિતી મેળવવા માટે અમને વિનંતી કરવામાં આવી છે. નિયત પ્રોટોકોલ મુજબ તમામ ઓફિશિયલ ફોર્માલિટીઝ પૂરી કર્યા બાદ ચુશુલ-મોલ્ડો મીટિંગ પોઇન્ટ ખાતે તેને ચીની અધિકારીઓને સોંપી દેવામાં આવશે.

સર્વે હાથ ધરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરમાં ઘર આંગણે પણ મોટામસ દબાણો ઉભા થઈ ગયા છે. જયારે સેકટરોમાં પણ કોર્મશિયલ દબાણોની હારમાળા છે. કેટલાક ઠેકાણે લારી ગલ્લા સાથે કાચા પાકા દબાણોએ પણ જગ્યા રોકેલી છે. હાલ શહેરના સે-૨૧ માં લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે રોજબરોજ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષ નજીક સ્થિત વોક વે પર દબાણોની લાઈન લાગે છે. જયારે પાર્કીંગ પ્લેસ પર પણ દબાણોનો કબજો હોવાથી પાર્કીંગની સમસ્યા વધુ પેચીદી બની છે. બીજીતરફ સેકટરોમાં મુખ્યમાર્ગો સહીત એક થી બીજા સેકટરોને જોડતા ઉભા આડા રસ્તાની આસપાસ પણ દબાણો વધી રહ્યા છે. જેમાં વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં છે. ઘ-૨ પાસે પણ ઝુંપડાના દબાણો વધતા ગંદકી સહીતની અનેક સમસ્યાઓ સ્થાનિકો માટે માથાના દુખાવારૂપ બની છે. સેકટરોમાં અગાઉ વન આરક્ષિત વિસ્તારમાં દબાણો વધુ હતા જયારે સમયાંતરે હાથ ધરાયેલી ઝુંબેશના અંતે મહદઅંશે વન વિસ્તારને દબાણમુક્ત કરી શકાયો છે. જો કે હજુ પણ કેટલાક ઠેકાણે દબાણોની સમસ્યા યથાવત છે. જેને અનુલક્ષીને શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવા માટે વનતંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે. વનતંત્ર આગામી દિવસોમાં આ મામલે સર્વે હાથ ધરી વન આરક્ષિત વિસ્તારમાં દબાણો દુર કરવા માટે પણ અભિયાન હાથ ધરશે. જો કે હાલના તબક્કે દબાણોનો સર્વે કરી આગામી દિવાળી બાદ તંત્ર સમગ્ર વિસ્તારમાંથી દબાણો દુર કરવા અભિયાન હાથ ધરશે. શહેરમાં ફુટપાથ, પાર્કીંગ પ્લેસ સહીત વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં છે. જેમાંથી દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધરાશે.

જાસૂસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાવાતી હતી અને બંને વચ્ચે સિક્રેટ ડોક્યુમેન્ટની આપ લે થતી હતી. જે બાદ ક્વિંગ તેને ટ્રાન્સલેટ કરીને ચીન મોકલતો હતો.

ચીની જાસૂસની પુછતાછમાં એજન્સીઓના હાથે અમુક દસ્તાવેજ લાગ્યા છે. જે મુજબ પીએમઓમાં સામેલ અધિકારી અને દલાઈ લામાની દરેક ગતિવિધિની જાણકારી લેવામાં આવી રહી હતી. જણાવી દઈએ કે, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ગત મહિને ક્વિંગ શીની સાથે તેના નેપાળી સાથી શેર બહાદૂર અને ભારતીય પત્રકાર રાજીવ શર્માની ધરપકડ કરી હતી. અને તમામ લોકો હાલ તિહાડ જેલમાં બંધ છે.

જાસૂસી નેટવર્કનો ખુલાસો ઓગસ્ટ મહિનામાં ચીની નાગરિક ચાર્લી પેંગ ઉર્ફે લુઓ સાંગની ધરપકડ થઈ હતી. તે બાદથી જ તપાસ એજન્સીઓ ચીની જાસૂસી નેટવર્કનો પતો લગાવી રહી હતી. દિલ્હીમાં આઈટી વિભાગની રેડ દરમિયાન ચીની જાસૂસી રેકેટનો ભાંડાફોડ થયો હતો. ત્યારે પણ એ સામે આવ્યું હતું કે ચાર્લી પેંગ તિબ્બતી બોદ્ધ ગુરુ દલાઈ લામાની જાસૂસી કરી રહ્યું હતું.

એકનાથ ખડસે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિથી નારાજ છું. મારા પર જે આરોપ લગાવવામાં આવ્યા છે તેની તપાસ પણ થઈ પરંતુ તેમાંથી કંઈ જ નિકળ્યું નહીં. બાકી નેતાઓ પર આરોપ લાગે તો તેમને ક્લિન ચીટ આપવામાં આવે છે મને નહીં. મારા વિરૂદ્ધ તપાસ થઈ પણ તેમાં કંઈ જ ના નિકળ્યું.નારાજગી વ્યક્ત કરતા ખડસેએ કહ્યું હતું કે, ૪૦ વર્ષ સુધી પાર્ટી માટે કામ કર્યું. મેં પાર્ટી માટે એ સમયગાળામાં કામ કર્યું જ્યારે લોકો પથ્થર મારતા હતાં પણ અમે મહેનત કરી અને સરકાર આવી પછી પણ અમે મહેનત યથાવત રાખી. બાદમાં મને મંત્રી બનાવવામાં આવ્યો તે મારી મહેનત હતી. વિધાનસભામાં મારા પર આરોપ લાગ્યા ત્યારે એનસીપી, કોંગ્રેસ અને શિવસેનાએ મારી તપાસની માંગણી ના કરી કારણ કે તેઓ જાણતા હતાં કે, હું સાચો છું. તેમણે ફડણવીસ પર આરોપ લગાવતા કહ્યું હતું કે, તેઓ મને ફસાવી રહ્યાં હતાં. હું છેલ્લા ૪ વર્ષથી ઘર પર જ છું. મારા વિરૂદ્ધ એન્ટિ કરપ્શન વિભાગ દ્વારા તપાસ કરાવવામાં આવી. મારા વિરૂદ્ધ એક મહિલાએ છેડતીનો પણ આરોપ લગાવ્યો.

"શિક્ષક કભી સાધારણ નહીં હોતા" યુક્તીને સાર્થક કરતા

માલપુર સીઆરસી તરીકે ફરજ બજાવતા શિક્ષિકા લીલાબહેને કારને હરતી ફરતી શાળા બનાવી

કોરોના મહામારીમાં ઘણું બધુ બદલાયું છે શાળાઓ ભલે બંધ હોય, પણ શિક્ષકોને પણ કંઈક નવું કરવાની તક મળી છે અને શિક્ષકોએ પણ આપત્તિને અવસરમાં ફેરવી વિદ્યાર્થીઓને ઓનલાઈન અને વિદ્યાર્થીઓના ઘરે ઘરે પહોંચી શિક્ષણના પાઠ ભણાવી રહ્યા છે. ત્યારે માલપુરના ક્લસ્ટર રિસોર્સ કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા લીલા બહેને એક અનોખી પહેલ કરી કારને હરતી ફરતી શાળામાં ફેરવી દઈ બાળકોના ઘરે ઘરે અભ્યાસથી કોઈ બાળક વંચીત રહી ન જાય તે માટે કાર સાથે પહોંચી અભ્યાસ કરાવી 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા'ની યુક્તિને સાર્થક કરી રહ્યા છે.

કોરોનાના સમયમાં શાળાઓ બંધ છે ત્યારે સરકારી શાળાઓના શિક્ષકો વિદ્યાર્થીઓના ઘરે જઈ અભ્યાસ કરાવી રહ્યા છે. જોકે બધા શિક્ષકો કરતા કંઈક વિશેષ અરવલ્લીના માલપુરમાં ક્લસ્ટર રિસોર્સ કોઓર્ડિનેટર તરીકે ની ફરજ બજાવી રહેલ શિક્ષીકા લીલાબહેન વિઝીટ ડાયરી મુજબ અંતરિયાળ વિસ્તારમાં રહેતા બાળકોના ઘરે કાર લઈને પહોંચી જાય છે અને બાળકોને અભ્યાસ કરાવી, ઘર આંગણે શાળા જેવુ વાતાવરણ પુરૂ પાડે છે. શિક્ષિકા રોજ સવારે પોતાની કારમાં પ્રજ્ઞા કિટ લઈ માલપુરના સાતરડા સહિતના જુદા જુદા વિસ્તારોમાં જઈ બાળકોને વિવિધ પ્રવૃતિઓ દ્વારા અભ્યાસ કરાવે છે. પોતાના કર્મ પ્રત્યે ની નિષ્ઠા ને લઈ તેમણે પોતાના કોઠાસુઝથી બાળકોને સરળ રીતે સમજાવીને અભ્યાસ કરાવી શકાય તે માટે એક કીટ તૈયાર કરી છે. જેમાં બળકો માટેની વિવિધ વસ્તુઓ સાથે પેન્સીલ, ઈરેસર, શાર્પનર, નોટબુક વિગેર હોય છે.

લીલાબેનનું માનવું છે કે કોઈ પણ કાર્ય પ્રત્યે સમર્પણ અને અવિરત પ્રતિબદ્ધતાનો ભાવ હોય તો જ તે કાર્ય ન્યાયને આપી શકાય છે. જેથી કોરોનાના સમયમાં જ્યારે કામચલાઉ શાળાઓ શરૂ કરવાની વાત સામે આવી ત્યારે તે